પાત્રકામાળા નં. ૨૦.

ભગિનીસમાજ વાર્ષિક સંમેલન પ્રસંગે

સૌ. શારદા સુમંત મહેતા, બી. એ.

તથા

પ્રમુખ– મિસિસ જાઈજી જહાંગિર પીટીટનાં

ભાષણો.

પ્રકાશકઃ— કરસનદાસ જે. ચિતલીયા.

ભગિનીસમાજના સહમંત્રી,

ગિરગામ, મુંબઈ.

એપ્રીલ, ૧૯૧૭.

ભગિની સમાજ કારોબારી મંડળ.

પ્રમુખ—સૌ. શારદા સુમંત મહેતા, બી. એ.

ઉપ પ્રમુખ—સૌ. લેડી લક્ષ્મીબાઈ જગમોહનદાસ.

„ મિસિસ જાઈજી જહાંગિર પીટીટ.

ટ્રેઝરર—સૌ. અવંતીકાબાઈ ગોખલે.

ઓ. સેક્રેટરી—સૌ. સુરજ બ્હેન મણીલાલ.

„ મિસિસ રતનબાઈ પાવરી.

„ રા. કરસનદાસ જે. ચીતલીયા.

હેતુ. સ્ત્રી જાતિની ઉન્નતિ થાય એવા પ્રયાસ કરવા અને સ્ત્રીજાતિની ઉન્નતિ માટે પ્રવૃત્તિ કરતી સંસ્થાઓને યથાશક્તિ સહાયભૂત થવું.

સાધન. પત્રિકામાળા, પુસ્તકો પ્રસિદ્ધ કરી તેનો ફેલાવો કરવો.
વ્યાખ્યાનમાળાની જુદે જુદે સ્થળે ગોઠવણ કરવી.
સ્ત્રીશિક્ષણવર્ગોને મદદ કરવી અને વધારવા.
ભગિનીભાવથી સમાજસેવા કરવી અને બીજાંને તેમ કરવા ઉત્તેજન આપી અનુકૂળતા કરી આપવી.

સભાસદ. ગુજરાતી ભાષા બોલનાર કોઈ પણ વ્યક્તિ, જે સ્ત્રીજાતિના ઉત્કર્ષ માટે પોતાના સમય, સાધન અને શક્તિનો સંગીન ઉપયોગ કરી, ભગિની ભાવથી સમાજસેવા કરવા ઉત્સુક હશે તે, **કારોબારી મંડળની સંમતિથી**, ભગિની સમાજનાં કાર્યવાહક, સલ્લાહકાર કે સહાયક સભાસદ, યા **શુભેચ્છક થઈ શકશે.**

મહાત્મા ગાંધીજી શું કહે છે ?

વાંચો ! વિચારો ! મનન કરો ! હૃદયમાં ધારો.

આટલાં આટલાં પુસ્તકોનો અભ્યાસ કરવામાં આવે છે, પરંતુ તેમાંથી કશું વર્તનમાં ઉતારવામાં આવતું ન હોય તો તે તમામ ફોકટ છે, માટે એક ખાંડી વજન જેટલાં પુસ્તકો વાંચો તે કરતાં તેમાંથી એક અધોળ જેટલું પણ વર્તનમાં ઉતારવાનો પ્રયત્ન કરો.

જગતમાં અનેક શાસ્ત્રો છે, તે દરેકનાં નામ હું તમારી પાસે લેવા માગતો નથી, પરંતુ તેમાંથી તમે તમારા વર્તનમાં જેટલે અંશે ઉતારો તેટલું શાસ્ત્રનું રહસ્ય તમે પ્રાપ્ત કર્યું એમ માનવાને કશી હરકત નથી.

આપણે અનેક પ્રતિજ્ઞાઓ કરીએ છીએ, પરંતુ તે પાળવાને કંઇપણ લક્ષ્ય રાખતાં નથી, તે યોગ્ય નથી. જે જે પ્રતિજ્ઞા કરવામાં આવે તે તે સચોટ રીતે પાળવી જોઇએ, દેહ પડે તોપણ કરેલી પ્રતિજ્ઞા ચુકવી જોઇએ નહિ.

* * નિષ્ઠાથી કામ કરનારને જે બીજી વિભૂતિઓની જરૂર પડશે તે પ્રાપ્ત થશે એવું ઇશ્વરી વચન છે.

* * "તમારો પ્રયાસ ભારે છે. મનોરથ પણ તેવોજ છે. ફતેહમંદ થાઓ એ ઇચ્છું છું."

"સાથે એ પણ માગું છું કે—**ક્યાંએ કૃત્રિમતા ન પેસી જાય એ તપાસજો.** અત્યારે ઘણાં કાર્યોમાં કૃત્રિમતા પેસી જાય છે ને પછી ફળ કંઈ પ્રાપ્ત થતાં નથી." * *

પોતાના કાર્યને વિષે તલ્લીન થઇ શકે એવા પુરૂષોની હિંદમાં ભારે જરૂર છે. * * *

સ્ત્રિ કેળવણીને આપણે માત્ર કન્યા કેળવણીથીજ પહોંચી વળવાના નથી. હજારો કન્યા બાર વર્ષની ઉમ્મરે બાળલગ્નનો ભોગ થઇ આપણી નજરેથી અલોપ થઇ જાય છે. તેઓ ગૃહિણી બને છે ! આ પાપી રિવાજ જ્યાં સૂધી આપણામાંથી નહિ જાય ત્યાં સૂધી પુરૂષોને સ્ત્રિશિક્ષક બનતાં શીખવું પડશે. તેઓની આ વિષયની કેળવણીમાં આપણી ઘણી આશાઓ છુપાએલી પડી છે. આપણી સ્ત્રિઓ આપણા વિષયનું પાત્ર અને આપણી

રસોયણુ મટી આપણી સહચરી, આપણી અર્ધાંગના, આપણા સુખ દુખની ભાગીયણુ ન બને ત્યાં લગી આપણા સર્વ પ્રયાસ મિથ્યા જણાય છે.

આપણામાં સ્ત્રિને હલકી ગણવાની જે પ્રથા પડેલી છે તેને જડમૂળથી ઉખેડવી જોઇશે. * * *

બીજી તરફથી વિષયાંધ થઇ આપણામાંના કેટલાક સ્ત્રિને ઢીંગલીદેવી ગણી તેની પૂજા કરે છે ને જેમ ઠાકોરજીને આપણે પહોરે પહોરે નવીન આભૂષણોથી શણગારીયે છીએ તેમ શણગારે છે. આ પૂજા દોષમાંથી પણ નીકળી જવું જરૂરતું છે. * *

* જેમ શંકર ને ઉમા, રામ ને સીતા, નળ ને દયમંતી હતાં તેમ આપણી સ્ત્રિઓ આપણી ગોષ્ટિમાં ભાગ લેતી, આપણી સાથે વાદવિવાદ કરતી, આપણા ઉદ્દગારો સમજતી, તેને પોષતી, પોતાની આલૌકીક પ્રેરણા શકિતથી આપણી બાહ્યોપાધિઓને સાનમાં સમજી તેમાં ભાગ લેતી, આપણને શીતળતામય શાંતિ દેતી થશે ત્યારેજ—પણ તે પહેલાં નહિ—આપણો ઉદ્ધાર સંભવે છે.

આપણે જડતા (ઇનર્શીયા) રૂપી શક્તિના દાબ તળે કચરાએલા ન હોઇએ તો આપણે બાર કે પંદર વર્ષની બાળા ઉપર કદિ પ્રસવની મહા વ્યથાનો બોજો ન જ મૂકીયે. એ વિચાર કરતાં પણ આપણને કંપારી છુટવી જોઇએ !

તમારૂં જીવન આદર્શમય બનાવો. રોમમાં તો આદર્શ પણ ફરી ગયો છે, પરંતુ હિંદમાં તો આદર્શ ભુલવામાં આવ્યો નથી. હિંદુ કે મુસલમાન આપણે સર્વે આપણા પુર્વજોનાં વારસદાર છીએ, અને એ વારસો ત્યારેજ સંભાળી શકીશું કે જ્યારે જીવનના આદર્શો પર સતત લક્ષ્ય આપવામાં આવશે. આપણા પુર્વજોમાં સાત્વિક વૃત્તિ પ્રધાન પદ ભોગવતી હતી, પરંતુ આજે તે નાશ પામેલી જણાય છે. **જ્યાં જોઇએ ત્યાં દંભી જીવન જણાય છે. હરકોઈ કાર્ય પ્રસંગે અસત્ય બોલવાનું ડગલે અને ડગલે થઈ ગયું છે તે દુર કરવું જોઇએ અને જીવન સત્યમયં બનાવવું જોઈએ.** *

---

* **સ્ત્રીઓ** અને **સમાજ સેવા** નામના પુસ્તકમાંથી (ભગિની સમાજ પુસ્તકમાળા નં. ૧.)

ભગિની સમાજ વાર્ષિક સંમેલન.

મુંબઈ તારીખ ૭મી એપ્રીલ, ૧૯૧૭.

ભગિની સમાજનાં કારોબારી મંડળનાં પ્રમુખ—

સૌ. શારદા સુમંત મહેતા, બી. એ. નું

ભાષણ.

આજનો દિવસ ખરેખર ધન્ય છે. આ સમાજ એક વર્ષ પુરૂં કરીને બીજા વર્ષમાં પ્રયાણ કરે છે. જે મહાન નર રત્નના સ્મારક તરીકે આ સંસ્થા ઉદ્ભવી છે તેમનેજ અનુરૂપ આ સંસ્થાનું કાર્ય છે. મહાત્મા ગોખલેએ કહ્યું હતું કે "જે મનુષ્યોનાં જીવન સ્વદેશાભિમાન, અચળ શ્રદ્ધા અને સ્વાત્માર્પણથી વિભુષીત થએલાં હોય તેમને માટે દુનિઆમાં એવું કાંઈજ કાર્ય નથી કે જે ન થઈ શકે." સાદું પણ સંગીન, માત્ર બોલવાનું નહિં પણ વર્તનમાં મૂકવાનું, ખરૂં ઉપયોગી–વ્યવહારૂ કામ કરવું, અને તે રીતે સ્ત્રી જાતિની ઉન્નતિ કરવી એ આ સમાજનો મુખ્ય હેતુ છે. સ્ત્રીઓના પ્રશ્નનો નિકાલ સ્ત્રીઓથીજ વધારે સારી રીતે થઇ શકે. તેમજ પુરૂષોના કાર્યમાં પણ સ્ત્રીઓની મદદ, સહાનુભૂતિની જરૂર છે; એટલા માટે આપણા સાંસારીક રીતરીવાજોની ખામીઓ, રાજકીય પ્રશ્નોમાં આપણા દેશની જરૂરીઆતો વિગેરે વિષયોનું ભાન સ્ત્રીઓમાં કરાવીને ચારે તરફ જાગૃતિ પેદા કરવી એ તરફ આ સમાજનું પ્રયાણ છે, અને તેને માટે અનેક વ્યવહારૂ ઉપાયો યોજવામાં આવ્યા છે.

કોઈ પણ કાર્ય સફલતાથી પાર ઉતારવા માટે શિક્ષણની જરૂર છે. સ્ત્રીઓમાં શિક્ષણની ખોટ છે એ તો સર્વત્ર કબુલ થએલી વાત છે. આ શિક્ષણની ખોટ પૂરી પાડવા માટે આ સંસ્થાએ એક ઉત્તમ માર્ગ લીધો છે ને તે એ છે કે દરેક સ્ત્રીઉપયોગી વિષયની ન્હાની ન્હાની સરળ ભાષામાં પત્રિકાઓ તૈયાર કરાવવી, અને તેનું દરેકે દરેક ઠેકાણે વાંચન કરાવવું, તેની સમજણ પાડવી, તે વિષય સંબંધી ચર્ચા કરવી; આ રીતે આ વિષયો સ્ત્રીઓનાં મગજમાં ઠસાવવાનો પ્રયાસ કરવા માંડ્યો છે.

પત્રિકાની ૪૦,૦૦૦. પ્રતોની વહેંચણી શહેરોમાં તેમજ ગામડાઓમાં કરવામાં આવી છે. ગામડે ગામડે ફરીને આ ચોપડીઓ વંચાવવા માટે ન્હાનાં ન્હાનાં વાંચનાલય ઉભાં કર્યાં છે. એટલુંજ નહિ પણ એ વાંચનો બરોબર સમજાયાં છે કે નહિં, તેમાં શી શી મુશીબતો નડે છે, શેમાં શેમાં સમજણ નથી પડી, કેટલી સ્ત્રીઓ વાંચનનો લાભ લે છે એ બધાંનો રિપોર્ટ મંગાવીને તેનો નિકાલ કરવામાં આવે છે. વળી વાંચન ઉપરાંત ઠેકઠેકાણે સ્ત્રી ઉપયોગી ભાષણો પણ કરવામાં આવે છે. મોટી સ્ત્રીઓ માટે જરૂર લાગે ત્યાં શિક્ષણ વર્ગો, ઉદ્યોગ વર્ગો શરૂ કરવામાં આવ્યા છે. આ પ્રકારના કાર્ય માટે ખરે ખરા ઉત્સાહી સ્વાર્થત્યાગી સેવક, સેવિકાઓની જરૂર છે. પૈસા, કીર્તિના લોભ વગર નિષ્કામ ભાવે કામ કરનાર માણસો મલવાં બહુ મુશ્કેલ છે. એ તો કામ કરનારજ જાણે છે. તો આવી વૃતિ વાળાં સ્ત્રી પુરૂષો ગાંમડે ગાંમડે ફરી ફરીને તૈયાર કરવાનું ઘણું વિકટ કામ આ સમાજના ઉત્સાહી સેક્રેટરીએ કર્યું છે તે ખરેજ ધન્ય છે. એમના જેવા અડગ કાર્ય કરનાર ના હોય તો એક વર્ષ જેટલા ટુંકા સમયમાં આટલુ વિશાલ, આટલું સંગીન કામ થાત નહિં. મહાત્મા ગાંધીજી કહે છે તેમ એમને તો રાત દિવસ, ખાતાં પીતાં, જાગતાં સુતાં, બેસતાં ઉઠતાં ભગિની સમાજ મનમાં વસી રહેલી છે. એઓ તેના આત્મા થઈ રહેલા છે. પરંતુ આવા એકનિષ્ટ અનેક પુરૂષોની હિંદને ઘણી જરૂર છે. કારણકે જે મહાન સેવા તેમણે હાથમાં લીધી છે તેની અગત્ય આપણને બહુ છે. સ્ત્રીઓ પુરુષના કાર્યમાં, પુરૂષોની વાતચીતમાં ભાગલેતી, વાદવિવાદ કરતી, તેમના માનસિક સ્વપ્નાં, સંસ્કારો સમજતી, પોષતી થશે ત્યારેજ આપણા દેશનો ઉધ્ધાર થશે. આવા પ્રકારના ઉંચા આશયવાળી સ્ત્રીઓ ઘણી નીકલી આવે છે, પણ કમનસીબે તેમની ઉંચી આશા એમના ઘરના ઓરડાની બહાર નીકલી શકતી નથી, કારણકે તેમને દોરનાર કોઇ નથી. એ પ્રકારના નાયક થવાનું કામ આ સમાજે ઉપાડેલું છે. એકંદર રીતે જોતાં આ વ્યવહાર કાર્યનું ભવિષ્ય તો ઉજળું જણાયછે. મહાન ઈંગ્રેજ લખનાર રસ્કિન કહેછે કેઃ—

God appoints to every one of His creatures a separate mission, and if they discharge it honourably,

if they quit themselves like men and faithfully follow that light which is in them, withdrawing from it all cold and quenching influence, there will assuredly come of it such burning as in its appointed mode and measure shall shine before men, and be of service constant and holy. Degrees infinite of lusture there must always be, but the weakest among us has a gift however seemingly trivial, which is peculiar to him, and which worthily used will be a gift also to his race for ever.

For all may have, if they dare to choose,
a glorious life or grave.

અર્થાત, ઇશ્વર દરેકે દરેક મનુષ્યને કાંઇક કામ સોંપે છે, અને જો તે યોગ્ય રીતે બજાવે અને દરેક વ્યકિત પોત પોતાના અંતર્દીપની આજ્ઞાનુંસાર વર્તન કરે તો અપૂર્વ પવિત્ર પ્રકાશ ઉદ્‌ભવે છે. પ્રકાશમાં જૂદા જૂદા દરજ્જા તો હોયજ, પરંતુ અશકતમાં અશકત, સામાન્યમાં સામાન્ય મનુષ્યમાં પણ કાંઇકિ શકિત રહેલી હોય છે, કદાચ એ શકિત ઘણી અલ્પ હશે, તોપણ જો તેનો યોગ્ય ઉપયોગ થાય તો જનસમૂહને અત્યંત લાભ કરી શકે. જો મનુષ્ય ધારે તો દરેક જીવન યશસ્વી થઇ શકે. આ પ્રમાણે સ્ત્રી, પુરૂષ, બાલક, બાલિકા આત્મબલ વાપરે તો સંસારમાં સ્વર્ગ ઉત્પન્ન કરી શકે. તે આત્મબલ પ્રેરવા, જાગૃત કરવા, તેની વૃદ્ધિ કરવાને આ સમાજ યત્ન કરે છે. એજ એનો ઉદ્દેશ છે.

આપણા દેશમાં હવે સેવાની ભાવના પ્રબળ થતી જોવામાં આવે છે. પરંતુ હજી તે ભાવનારૂપ છે. તેને વ્યવહાર રૂપ કેવી રીતે આપવું તેની સમજણ નથી. અમે શું કરીયે ? કેમ કરીયે ? એવા પ્રશ્નો પૂછાય છે. આવી વૃત્તિવાળી ઘણી બ્હેનો માલુમ પડે છે. આ સહુ બ્હેનોને માહિતી આપવી, આપણા આદર્શ સમજાવવા એ આપણી સમાજનું કર્તવ્ય છે.

દેશની ઉન્નતિ માટે, પ્રગતિ માટે, આપણા દેશમાં તેમજ અન્ય દેશોમાં જૂદા જૂદા પ્રકારના ઉપાયો લેવામાં આવે છે. આપણાજ દેશને વિચાર કરીએ તો બ્રાહ્મ સમાજ, આર્ય સમાજ, પ્રાર્થના સમાજ, પૂના, મુંબાઈ, જાલંદરનાં સેવાસદન, વિદ્યાલયો. સુરત, મુંબાઈ, અમદાવાદનાં વનિતાવિશ્રામો, વિદ્યાલયો, જૂદા જૂદા શહેરોનાં સેવામંડળો, ગુરૂકુળો સર્વેનું પ્રયાણ એકજ તરફ છે. સ્ત્રી પુરૂષ બન્નેને યોગ્ય જ્ઞાન આપીને પ્રાચીન ભારતવર્ષની વિભૂતિ પુનઃ સ્થાપિત કરવી, આ ઉચ્ચ આદર્શ પૂર્ણ કરવાને માટે સ્ત્રી પુરૂષ બન્નેની જરૂર છે. કોઈ પણ તરેહની ચળવળ થાય ત્યારેજ બળ પ્રાપ્ત થાય છે. તે શિવાય તો નિદ્રિત અવસ્થામાંજ રહેવાય છે. દૃષ્ટાન્ત તરીકે સ્વદેશી વસ્તુઓ વાપરવી, દેશના વેપારના ઉત્તેજન માટે, દેશનું માન જાળવવા માટે, દેશ પ્રતિ પ્રેમની લાગણીથી સ્વદેશી વસ્તુઓ વાપરવી એ મતનો પ્રચાર કરવા માટે બંગાળના ભાગલા (partition of Bengal) ની જરૂર નહોતી. એ ભાવના કાંઈ ત્યાર-પછીથી જન્મ પામી નથી. પણ સ્વદેશી ચળવળને એ કારણને લીધે ઘણો જુસ્સો મળ્યો, તેનું ઘણું પોષણ થયું, કાંઇક જીવ આવ્યો, તે બાબત માટે લોકો વિચારતા થયા. એમ ભાન થવા માંડ્યું કે સ્વદેશી વિરૂદ્ધ વર્તન તે દેશ દ્રોહ છે, માટે તે ખોટું છે અને ગૅરવ્યાજબી છે. પોતાના દેશને ભૂખે મારીને બીજા દેશને તવંગર કરવાનો રસ્તો છે. પોતાના દેશના વેપારની વૃદ્ધિ વગર દેશની આબાદી કદી થઇ શકે નહિ. દેશના ઉદ્યોગ વગર વારેવારે દુકાળના સંકટ પડે છે, ઉદ્યમ પડી ભાગે છે, અને દારિદ્ર આવે છે.

ત્યાર પછીજ, હિંદુસ્થાન એક સંયુક્ત પ્રજા છે તેનો, ખ્યાલ આવ્યો. ભારતવર્ષ એક બળવાન પ્રજા છે. તે માટે જ્ઞાતિની ભિન્નતા, પ્રાન્તિક મત-ભેદ, સહુ દૂર કરીને આપણાં બાળકોને એમ શીખવવું જોઈએ કે આપણે ભારતવાસી છીએ. આ પ્રમાણે ઉદ્ગાર કરતાં બાળકોમાંથી ભવિષ્યનું હિન્દ ઉત્પન્ન થશે, ભવિષ્ય ભારતમાં સર્વ પંથ એક થશે, પરંતુ એ પરિસ્થિતિ લાવવા માટે વાતો કરવાની જરૂર નથી, આદર્શને અનુરૂપ વર્તન કર-વાની જરૂર છે. એજ ચળવળની જરૂર છે. આ પ્રમાણે હિન્દની સેવા એજ

મહાન જન સેવા આપણે મન છે. માટે બહેનો જાગૃત થાઓ, ઉઠો, બાંધ બીડો અને જ્યાં સૂધી ઇષ્ટ પરિણામ આવ્યું નથી ત્યાં સૂધી બેસી રહેશો નહિં.

આપણા આચાર અને વિચારમાં એક રાષ્ટ્રિયતાની ભાવના થવી જોઇએ. અને તે ભાવના જાગૃત કરવા માટે કેળવણી, સંસ્કારની જરૂર છે. વિવિધ પ્રકારના જ્ઞાનથી સુસંસ્કાર આવી શકતા નથી. અર્વાચીન કેળવણીનું લક્ષ્ય રાષ્ટ્રિયતાની ભાવનાની ખીલવણી એજ છે. એમાં માનસિક, ધાર્મિક, અને નૈતિક કેળવણી સહુનો સમાવેશ થાય છે. ભારત વર્ષને ભારતવર્ષીય બનાવવો, રાષ્ટ્રિય ભાવનાને એકરૂપતા આપવી, વ્યવસ્થિત કરવી, આપણા પ્રયાણનું રેખા દર્શન કરવું, આ સર્વ કાર્ય આપણે કરવાનું છે. આપણે માટે બીજાને કરવા દેવાનું નથી. આપણો કાર્યક્રમ આપણેજ ઘડવાનો છે. કોઇનો કરી આપેલો કાર્યક્રમ આપણને અનુકુલ નથી આપણામાં એટલી શક્તિ આવેલી છે.

પ્રાચીન જ્ઞાન, વિદ્યાને અર્વાચીન રૂપ આપવું એ આપણા શિક્ષણનું લક્ષ્ય સ્થાન કરવાનું છે. અનેક પ્રકારના આદર્શ શોધી કહાડવાના છે. જીવનના, કર્ત્તવ્ય પ્રદેશના, અને સ્વતંત્રતાના નવા મત, શહેરી તરીકેના નવા વિચારો, પ્રેમ અને મિત્રતાનાં રૂપાન્તરો આ અને એવી બીજી બાબતોનો નીકાલ આપણે ઉત્સાહપૂર્વક કરવાનો છે. આ નવા કર્ત્તવ્યપ્રદેશમાં સ્ત્રીઓની માનસિક શક્તિનો જૂદા પ્રકારનો વિકાસ કરવાનો છે. જે બુદ્ધિના શિક્ષણથી નમ્રતા, કોમલતા ઇત્યાદિ નાજુક, રસિક, સ્ત્રીત્વનો ભંગ થાય તેવી કેળવણી તે ખરી કેળવણી કહેવાય નહિં. ચરિત્ર્યની દૃઢતા, તેની ખીલવણી, એજ કેળવણીનો ઉદ્દેશ રાખવો જોઇએ. Intellectul accomplishment બુદ્ધિની ખીલવણીને પ્રાધાન્ય આપવાનું નથી. આપણા દેશના ઇતિહાસ અને સાહિત્યમાં સ્ત્રીત્વની ભાવનાનું ચિત્ર આલેખાયું છે તેને માટે ખરી લાગણી ઉત્પન્ન ના થઇ હોય, તેને માટે યોગ્ય ગર્વ ઉત્પન્ન થયો ન હોય ત્યાં સૂધી આપણી કેળવણી અધૂરીજ કહેવાય.

કેવા પ્રકારની સ્ત્રીઓ દૃષ્ટાન્ત યોગ્ય આપણે ગણીશું ? શરીરે મજબુત, સમયસૂચકતાવાળી, દીર્ઘ દૃષ્ટિવાળી, કસોટીને વખતે હિંમતવાળી

એવી સ્ત્રીને આપણે માન આપીશું નહિં ? તેનાં દૃષ્ટાન્ત આપણા ઈતિહાસમાંથી મળે છે. ચિતોડની પદ્મિની, ચાંદબીબી, માનસી રાણીનાં જીવન આપણુને શું બીજું શીખવે છે? ભક્તિમાન, તત્ત્વજ્ઞાની સ્ત્રી કવિની આપણે પ્રશંસા કરતાં હોઈશું તો મીરાંબાઈનું દૃષ્ટાન્ત મ્હોં આગળ છે. રાજ્ય કારભારમાં કાબેલ સ્ત્રીને અનુસરવું હશે તેને રાણી ભવાની, અહલ્યા બાઈ, લક્ષ્મીબાઈનાં દૃષ્ટાન્ત છે. આદર્શ પત્નીનાં દૃષ્ટાન્ત તો અનેક છે. કુમારિકા જોવી હોય તો ઉમાનો આદર્શ છે. સ્ત્રીત્વની પરાકાષ્ટાનો સમાવેશ ગાન્ધારીમાં થયો છે એવો બીજો દાખલો આપણુને કોઇ પણ દેશના ઇતિહાસમાં મળશે નહિં. આટલું તો ચારિત્ર્યના વિકાસ માટે.

આ સઘળાની સાથે સ્ત્રીઓએ વધારે કર્ત્તવ્યનિષ્ઠ થવાની જરૂર છે. જીવનની સર્વ સ્થિતિને અનુકુળ થતાં તેને શીખવાનું છે. પત્ની થતાં તેને સ્ત્રીત્વ શું છે તે જાણવાનું છે, અને સ્ત્રી થતાં પહેલાં મનુષ્યત્વનું ભાન પ્રાપ્ત કરવાનું છે. અને તેજ ક્રમ પ્રમાણે કન્યાની કેળવણી આપવી આવશ્ય છે અને તેટલા માટે સામાન્ય સાહિત્ય ઉપરાંત વિજ્ઞાન, ઇતિહાસ, અને ભૂગોળનું જ્ઞાન આવશ્યક છે. ભારતવર્ષના નૈતિક આદર્શે આ સમયમાં જૂદુંજ રૂપ લીધું છે. રાષ્ટ્રિય અને પ્રજાકીય આદર્શનો એમાં સમાવેશ થાય છે. આપણા દેશના ભૂત કાળનો સંબંધ અને સ્થિતિ જાણીને બેશી રહેવાનો વખત નથી. પરંતુ જગત્‌ના અન્ય દેશો સાથે તેનો સંબંધ કેવો છે, અન્ય દેશોની પ્રગતિ કેવા પ્રકારની થાય છે તેનું જ્ઞાન આવશ્યક છે. અને તે જ્ઞાન પ્રાપ્ત કરવાના બે રસ્તા છે. મેજીકલેન્ટર્ન, સીનેમાના દેખાવો તથા માતૃ ભાષા. અને તેને માટે ન્હાની મોટી શાળાઓ, પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ, સ્ત્રીઓના વર્ગો, વાચનગૃહો, વ્યાખ્યાનમાળાઓ એ સાધન છે. પરંતુ આ શાળાઓ, આ વર્ગો આપણા દેશની પરિસ્થિતિને અનુકુળ હોવાં જોઇએ, વિરૂદ્ધ હશે તો નિષ્ફળ જશે અને જાય છે. અમદાવાદ, સુરત, પૂના જેવાં મહિલાવિદ્યાલયો દરેકે દરેક જીલ્લામાં કહાડવાં જોઇએ અને તેના કાર્યક્રમમાં પ્રસંગાનુસાર ફેરફાર કરવો જોઇએ. પહેલું પગલું આપણે ભરવું જોઇએ. ઘણી ઇસ્પિતાલો નર્સોને તૈયાર કરવાની ઇચ્છા રાખે છે, માગણી કરે છે. સારી સ્થિતિની સ્ત્રીઓ આ કામ કરવાનો આરંભ કરે તો સારી નર્સો,

દાક્તરો તૈયાર થઈ શકે પરંતુ સ્ત્રીઓ આગળ પડતાં હજી ડરે છે. છોકરા છોકરીઓ માટે બૉર્ડીંગોની મોટાં શહેરોમાં જરૂર છે. તેની દેખરેખ માટે સારા કુટુંબની મેટ્રનોની જરૂર છે. શિક્ષકોની જરૂર છે. આ બધું કામ હવે આપણે જલદી કરવાનું છે. દરેક પ્રજાને માથે ભવિષ્યની પ્રજાને શિક્ષણ આપવાનું કર્ત્તવ્ય પ્રાપ્ત થએલું છે, મનુષ્યત્વનું આ એક નિર્મિત કરેલું કર્ત્તવ્ય છે. હવે જો અર્વાચીન જાગૃતિના મહત્વનાં તત્ત્વોની ભાવના માતૃભાષામાં ઉત્તરે તો મુશ્કેલી ઘણે અંશે દૂર થાય. એ ઉજળો દિવસ લાવવા માટે ભારતમાતા અનેક વ્રતોની આશા રાખે છે. ખરા ધર્મનિષ્ટ, કર્ત્તવ્યનિષ્ટ ઉપાસકોની આશા રાખે છે. સ્ત્રી વર્ગમાં કેળવણીનો પ્રચાર કરવા માટે સેંકડો સ્ત્રી પુરૂષોએ એકઠાં મળીને કામ આરંભવાનું છે. લાંબી રજાના વખતમાં પોતાના ઘરમાં કે ગામડામાં વરસ દિવસે કાંઈ નહિં તો દરેક શિક્ષિત વ્યક્તિ બાર પાઠ આપે તો તેને લીધે કેટલો લાભ થાય! વળી કોઈએ માતૃ ભાષાનું સાહિત્ય વધારવા માટે પ્રયાસ આરંભવો જોઇએ. ચોપડીઓ અને ચોપાનીઆં શિક્ષકો કરતાં ઘણું વધારે કામ કરી શકે છે, અને એટલા માટે આ જમાનાના સાક્ષરોને વિનંતી કરીશું કે નવા જીવન, નવા આદર્શ માટે નવું સાહિત્ય ઉત્પન્ન કરવાની જરૂર છે કે નવા આદર્શો, નવાં તત્ત્વોની ચર્ચા કરવાની જરૂર છે? અત્યારનું આપણું સાહિત્ય બહુજ શુષ્ક અને નિરસ છે. તેમાં કાંઇ ઉંડી, ગંભીર, છાપ કે જુસ્સો નથી. બુદ્ધ, અશોક, ચંદ્રગુપ્ત, અકબર વિગેરે મહાન પુરૂષોના ખરા જીવન જાણવા માટે ઈંગ્રેજી ભાષા શીખવાની—સારી રીતે જાણવાની જરૂર પડે તો—ભારત વર્ષનો ઇતિહાસ સ્ત્રીઓ કેવી રીતે મનમાં ઉતારી શકે? રશીઆના મહાન્ પીટરની મા રાણી કૅથરીન ઘણીજ ઉત્સાહી, બળવાન અને બુદ્ધિશાળી હતી. તેણે રશીઆના સાહિત્યને જે ફાળો આપ્યો છે તે ખરેજ પોતાના સ્વભાવનું પ્રતિબિમ્બ છે. એક વ્યકિત પણ પ્રજા અને દેશને પોતાના લખાણથી કેટલી મજબૂત અસર કરી શકે છે તે એનાં રચેલાં નાટકો અને નવલકથાઓ ઉપરથી માલુમ પડે છે. વળી જ્યારે એની પાછલી અવસ્થામાં પોતાનાં દોહિત્રોને શિક્ષણ આપવાનો પ્રસંગ આવ્યો ત્યારે પોતાની મેળેજ રશિઅન સાહિત્યનો વધારો કર્યો. ઇતિહાસના અનેક મોટાં

મોટાં પુસ્તકો રચ્યાં, રચાવ્યાં. કેટલાક કોશ તૈયાર કરાવ્યા, ફ્રેંચ ભાષામાંથી તત્વજ્ઞાનના ગ્રન્થો પણ રશીઅન ભાષામાં ઉતરાવ્યા.

રશીઅન સ્ત્રી લેખકો પુરૂષોના કરતાં વધારે સારા ગ્રંથ લખતી અને પુરૂષોને કહેવું પડતું કે all of you Russian women, are higher and more vigorous than we men. ઘણા ઊંચા સંસ્કારવાળા પુરૂષો કરતાં સ્ત્રીઓનાં લખાણુ ચઢીઆતાં આવતાં. રશીઅન સ્ત્રી લેખકોમાં પ્રથમ પદ તો રાણી કૅથરીન અને તેની સખી પ્રિન્સેસ ડાશકૉવનુંજ હતું. કેટલીક સ્ત્રી કવિ થઈ હતી પણ વધારે હિસ્સો તો નવલકથામાં હતો. સ્ત્રી જાતિનાં દુઃખ, કુટુંબ જીવનની, પ્રેમની કથા, દુષ્ટ માતાની વર્તણુક, સમાજની નિષ્ઠુર રૂઢિઓ વિગેરેનાં ચિત્ર સ્ત્રીઓએજ આલેખ્યાં છે ને તેથી તે ચિત્રો ઘણાં આબેહુબ છે. આ પ્રમાણે રશિઆના સાહિત્યમાં સ્ત્રી લેખકોએ ઘણો ઉમેરો કર્યો છે, કારણ કે પોતાના સાહિત્યની વૃદ્ધિની જરૂરીયાત તેઓ સંપૂર્ણ સમજ્યાં હતાં. આ જમાનાનાં લેખકો વર્તમાન કાળની કીર્તિના લોભની ઇચ્છા છોડીદઇને સ્ત્રીઓ અને સામાન્ય જનસમૂહની ભાષામાં અર્વાચીન જ્ઞાન, શોધનો ઉતારો કરશે તો ભવિષ્ય કાળમાં તેમની કીર્તિ ઘણી વધશે. સ્ત્રીઓના હિતને અર્થે નેતાનું આ કામ પુરૂષોએ કરવું જોઇએ. આ પ્રકારની ઉદારતા અને લાગણી આપણાં પુરૂષોમાં છેજ એ નિઃસંશય છે. આપણું civilizasion altruistic એટલે આપણી સંસ્કૃતિ નિઃસ્વાર્થવાદી છે. સતી કરવાનો ક્રૂર રીવાજ નાબૂદ કરવામાં પહેલ કરનાર માણસ રાજા રામમોહનરાય પુરૂષજ હતો. લગ્નની વિશુદ્ધિ બાબત લડત કરનાર મહાન ઇશ્વરચંદ્ર વિદ્યાસાગર પુરૂષજ હતો. સ્ત્રીઓ પોતાનો હિસ્સો એવા કાર્યમા આપે એ ખરૂં પરંતુ આપણા કાર્યમાં આપણને વિશ્વાસ હોવો એ ઘણું અગત્યનું છે.

નવા જમાનામાં, નવા યુગમાં સ્ત્રીઓની સાથે રહીનેજ પુરૂષોએ કામ કરવાનું છે એ તો સત્યજ છે. ઈંગ્લંડ, અમેરિકા, જર્મની, તુર્કસ્તાન રશીઆ, આ સઘળા દેશોમાં જ્યારે કાંઇ પ્રગતિ થઈ ત્યારે ત્યારે સ્ત્રીઓનો મહત્ત્વનો હિસ્સો તેમાં રહેલો છે તે આપણ ઇતિહાસ તેમજ ચાલુ બીનાઓ ઉપરથી જાણીયે છીએ.

થોડાં વર્ષ ઉપર તુર્કસ્તાનમાં રાજ્યની મોટી ઉથલપાથલ થઈ હતી ત્યારે ત્યાંની સ્ત્રીઓએજ પુરૂષોને બળ આપ્યું હતું. યુરોપના સહવાસથી ત્યાંની પડદેનશીન સ્ત્રીઓમાં નવુંજ બળ આવ્યું હતું. જનાનખાનામાં રહેનારી સ્ત્રીઓ સ્વતંત્રતા માટે પોકાર ઉઠાવતી હતી. ખરી ચિંતાના સમયમાં સ્ત્રીઓ ઘણાજ ઉત્સાહથી કામ કરતી. જે જે ગુપ્ત મિટીંગો થતી તે સ્ત્રીઓનાં મનની દ્દઢતા અને અગમ બુધ્ધિને લીધેજ થતી. જોકે પ્રત્યક્ષ રીતે તેમનાથી કાંઈ થઈ શકતું નહિં પણ પરોક્ષ રીતે તેમણે ઘણીજ કીંમતી સેવા બજાવી હતી. સ્વાતંત્ર્યનું ખરૂં રહસ્ય તેઓ સમજી શકતી નહિં પરંતુ તેની કિંમત તેઓ સમજતી. જે ટર્કી સ્ત્રીઓએ પોતાનાં બાળકોને સ્વાતંત્ર્ય પ્રીતીના પાઠ હાલરડાંમાંથી શીખવ્યા હશે તે પોતાના પુત્ર પુત્રીઓને પરાધીનતા–ગુલામીનો ધીક્કાર એ તો વારસામાં આપશેજ. આ સખ્ત જુસ્સાનું સબળ કારણ હતું. દુષ્ટ પરાધીનતાને લીધે માતાઓને, પત્નીઓને, સ્ત્રીઓને અસહ્ય સંકટ વેઠવાં પડયાં હતાં. પોતાનો એકનો એક પુત્ર વિનાકારણે કારાગૃહ સેવે, પાલન પોષણ કરનાર પતિને ફાંસીને લાકડે ચઢાવે, કુટુંબનું રક્ષણ કરનાર પિતાને દેશનીકાલ કરવામાં આવે આવી દુષ્ટતાનું કાંઈ પણ સાંત્વન હોઈ શકેજ નહિં. ક્ષમાની ભાવના નષ્ટ થાય એ સ્વાભાવિક છે. આવાં સંકટ કોઈપણ સ્ત્રી કદી ભૂલી શકે ? આ કારણોને લીધે સ્વતંત્રતાનો જુસ્સો તેમનામાં જાગૃત થાયજ અને તેમના બાળકોને તેજ પાઠ શીખવે એમાં કાંઈ નવાઈ નથી.

રાજ્યની ઉથલપાથલ પછી આ સ્ત્રીઓએ પુરૂષો પાસે એવી માગણી કરી કે માત્ર રાજકીય હક્ક અમને આપશો તેટલાથી અંમે સંતોષ નહિં માનીયે પણ અમારેતો સંસારિક બાબતોમાં પણ છૂટ જોઇએ છે. અમારે તો અમારા જનસમાજની ઉન્નતિ માટે તમારી સાથે રહીનેજ કામ કરવાનું છે. કારણકે અમે જો ત્હમારા આદર્શ નહિં સમજી શકીએ તો ત્હમારા છોકરાઓને ત્હમારે લાયકના નહિં કરીશકીએ. આ તેમની માગણી પુરૂષોને વાસ્તવિક લાગી. સ્ત્રી કેળવણી માટે પુરૂષોને સમ્મતિ આપવી પડી જોકે અત્યંત યુરોપીઅનમય થઇગએલી સ્ત્રીઓ તો ત્યાંના વૃદ્ધ તેમજ ઘણા જુવાનીઆઓને પસંદ નહોતીજ. કારણ કે

તેમને લાગ્યું કે ઘણાં ઉતાવળાં પગલાં ભરીશું તો પ્રગતિને રોકાણ થશે. તેમને એમ લાગ્યું કે સંગીન સુધારા માટે, સ્ત્રીઓની ઉન્નતિ માટે, રફ્તે રફ્તે, અને દેશને અનુસરીને સુધારો થવો જોઇએ. ત્યાંની ખરી હિતચિંતક સ્ત્રીઓને પણ એજ સત્ય લાગ્યું. **સાલેહનુમ** કરીને એક સ્ત્રી લેખક લખે-છે કે "અમારે કાંઈ સદંતર બુરખો ક્હાડી નથી નાખવો, અમે તો માત્ર એટલુંજ માગીએ છીએ કે અમને વધારે ઉદાત્ત કેળવણી આપો ! એવી કેળવણી આપો કે જેથી અમે અમારા પતિની સહચરી, સહાયિની થઈ શકીએ, અને અમારા પુત્રોને કેળવી શકીએ. આજ જે અમને કેળવણી મળશે તેના ઉપર કાલની સામાજીક સ્થિતિનો આધાર છે." આ પ્રકારની લેખકને લીધેજ ટર્કીની સ્ત્રીઓ છેવટે વિજયી થઈ છે. એને લાગ્યું કે પુરૂષને મહેનતના બદલામાં થોડાક મસકાની ઇચ્છા છે તો ભલે એટલું દાણ આપીશું. ખુશામત સહુને વહાલી છે, તેમાં કાંઈ પૈસા બેસતા નથી આપણે વેંત નમીશું તો એ હાથ નમશે. આતો એક સ્ત્રી જાતિની અસલથી ચાલી આવતી પૉલિસી છે. એનેજ લીધે સ્ત્રી જાતિની સત્તા ટકી રહે છે. હાલ ટર્કી સ્ત્રીઓ પુરૂષોને બહારના જગત્ પર રાજ્ય ચલાવવા દે છે કેમકે તેઓ પોતાનું રાજ્ય પુરૂષો ઉપર ચલાવી શકે છે. "અમને એવી કેળવણી આપો કે જેથી અમે ત્હમને કેળવી શકીએ." આ માગણીમાં કાંઈજ અણઘટતું નથી. ટર્કીની સ્ત્રીઓની માગણી બરોબર આપણા જેવીજ છે. ફેર એટલોજ કે આપણામાં હજી એવો જુસ્સો આવ્યો નથી, બાકી આપણી મુક્તિ આપણા શિવાય બીજા કોઈના હાથમાં નથી એતો નક્કીજ છે.

સ્ત્રીઓના હિસ્સા માટે આપણે એટલાં વરસ પણ પશ્ચાત જવાની જરૂર નથી. હાલમાં તાજોજ દાખલો રશીઆના ઉધ્ધારનો છે. રશિઆ એટલે રાજાનો સખત કારોબાર એમજ અત્યાર સૂધી આપણે જાણ્યું છે. પરંતુ આ જમાનાનો પ્રવાહ એટલો જલદી વહે છે કે કાલે શું થશે તેનો જરા પણ ખ્યાલ આજે આવી શકતો નથી. રશીઆની એ પ્રજા આજે રાજાનાં સખ્ત બંધનોમાંથી છૂટીને સ્વતંત્ર થઇ છે. જગત્‌ના ઇતિહાસમાં

આ મહાન્ ઉથલપાથલ અપૂર્વ છે કારણ કે ઘણાજ ટૂંકા વખતમાં અને કાંઈપણ લોહી રેડાયા વગર માત્ર જન સમૂહના સામાન્ય હિતને અર્થેજ આ ઉથલપાથલ થઈ છે. આ અપૂર્વ ઉથલપાથલ કરવામાં એક સ્ત્રી કૅથરીન બ્રૅશ કૉવસ્કાયાનું નામ આગળ આવ્યું છે. આ મહાન્ સ્ત્રીને રેવોલ્યુશનની ગ્રાન્ડ મધર (દાદી) એવું ઉપનામ આપવામાં આવ્યું છે. અત્યારે એની ઉમર ૬૭ વર્ષની છે. વીસ વરસ સુધી એ કેદની શિક્ષા ભોગવીને આજે સ્વતંત્ર થઈ છે. એનો ગુન્હો એ કે દેશને બંધનમાંથી મુક્ત કરવો એ એની મોટી આકાંક્ષા. આ સ્ત્રીનું ચરિત્ ખરેજ જાણવા લાયક છે. થોડાં વર્ષ ઉપર એક લેખકે નીચે પ્રમાણે તેની હકીકત આપી હતી. એણે પોતાના જીવનમાં અનેક સંકટ ખમ્યાં છે અને કેદખાનામાં રહેવાને લીધે ૩૫ વર્ષની વયે તેના કાપેલા ટુંકા વાળ સફેદ થઈ ગયા હતા. સખત હાડમારી, દેશવટો વિગેરે આપદા વેઠ્યા છતાં તેના દૃઢ સ્વભાવમાં અથવા સ્વમાન અને સ્વકર્ત્તવ્ય સંબંધી ભાવનામાં કાંઈજ ફેર પડ્યો ન હોતો. એણે ઘણુંજ સારૂં શિક્ષણ લીધેલું હતું, પોતાના દેશની પ્રાથમિક શાળામાં તેણે પ્રથમ શિક્ષણ લીધું હતું અને પછી સ્વિટ્ઝર્લેન્ડમાં તે શીખી હતી. ફ્રેંચ, જર્મન, અને અંગ્રેજી ભાષાઓ એ સારી રીતે બોલતી અને સંગીત પણ સારૂં જાણતી. એકંદર રીતે એ ઘણીજ ચંચળ અને ચબરાક સ્ત્રી લાગતી હતી. બે વાર તેને કારાની ખાણોમાં સખત મજૂરીની શિક્ષા કરીને મોકલવામાં આવી હતી. અને ત્યાર પછી પણ સેલેનજીસ્ક નામની ઘણીજ ખરાબ જગ્યાએ પોલીસના સખત જાપ્તામાં તેને જોર જુલમથી રાખવામાં આવી હતી. ત્યાં તેની સ્થિતિ બહુજ દયાજનક હતી. કોઈપણ સારાં સંસ્કારી સ્ત્રી પુરૂષોનો ત્યાં સમાગમ જરા પણ નહિં અને આજીવિકાને માટે પણ સરકાર તરફથી ઘણીજ જુજ રકમ તેને આપવામા આવતી. પત્રવ્યહવાર પર પણ પોલીસની દેખરેખ રહેતી. કુટુંબ, મિત્ર, બધાથી વિખુટી તેને રહેવું પડતું અને ભવિષ્યમાં કોઇ દિવસે સારો દિવસ જોવાની તેને આશા નહોતી. ત્યાંને ત્યાંજ હાડમારીમાં થોડા વર્ષ ગાળીને નિરાશામાંજ તેનું મૃત્ય થશે એમ લાગતું, તે છતાં આ બહાદુર સ્ત્રીએ ધીરજ ખોઈ નહોતી. પોતાની જન્મ ભૂમીની સ્વતંત્રતા માટે એને

એટલી ઊંડી લાગણી હતી, અને એટલો વિશ્વાસ હતો કે સ્હામા માણુસને દયાની અને માનની લાગણી થઈ આવતી. એ કહેતી હતી કે આપણે દેશવટો ભોગવીશું, આપણા છોકરાં પણ કદાચ દેશવટો ભોગવશે, અને તેમનાં છોકરાં પણ દેશવટો ભોગવશે પરંતુ છેવટ તો સારૂં ફળ મળશેજ. ધન્ય છે આવી દેશ ભકિતને, ને ધન્ય છે આવી ધીરજને. થોડાં વર્ષ પછી આ સ્ત્રી ઇંગ્લંડમાં આવીને રહી અને રશીઆમાં સ્વતંત્રતાની ચળવળ ચલાવવા માટે પૈસા ઉઘરાવવા માડી. પચીસ વર્ષ કારાગૃહમાં અને સાઇબીરીઆના રણમાં ગાળીને સુધારેલા દેશમાં તેણે જીવન ગાળવા માંડયુ અને અત્યારે હવે તેના દેશના લોકો તેને અમારી વહાલી દાદી એ ઉપનામે બોલાવે છે. કેટલાંક તેને અમારી મહાન વડીલ સ્ત્રી Grand old woman એ નામ આપીને પોતાના માન અને વહાલની લાગણી બતાવ છે. બલીહારી છે આવાં સ્ત્રી રત્નોની! મહાન ટૉલ્સ્ટોયના લખાણ ઉપરથી માલુમ પડેછે કે ઘણી સ્ત્રીઓ પોતાના પતિની સાથે સઇબીરીઆના રણમાં દેશવટો ભોગવતી અને બીજાનાં દુઃખ એ રીતે ઓછાં કરવાનો પ્રયત્ન કરતી. કહેવાનું માત્ર એટલુંજ કે સ્ત્રીઓમાં કાંઈ ઓછી શકિત નથી.

અત્યારે આપણી સ્થિતિ કેવી છે? ઘણાં વર્ષોથી આપણા લોકોને શસ્ત્ર વાપરવાનું છોડી દેવું પડ્યું છે. લ્હડાઇના પ્રસંગો જોવાના અનુભવ મળ્યા નથી તેથી સ્ત્રી પુરૂષોમાં ભિરૂતા આવી ગઇ છે. વેપારી બુદ્ધિના લોક થઇ જવાથી લ્હડાઈની વીર કથાઓનો રસ રહ્યો નથી. હવે સમય ઘણો બારીક આવ્યો છે. જો ભોગજોગે આપણા દેશ ઉપર પરદેશી હુમલો થાય તો હિન્દના પુત્રોને રણ સંગ્રામમાં જવું પડશે અને હિન્દી માતાઓએ તેમને ઉશ્કેરવા પડશે. આપણી પુત્રીઓનું, સ્ત્રીઓનું રક્ષણ શું પારકી પ્રજા આવીને કરશે? આ ખ્યાલજ તિરસ્કાર યુકત છે.

સ્ત્રીઓએ ઘણાં નવાં કાર્ય માથે લેવાં પડશે. અને તે કાર્યો સમજાવવાનું કામ, સમાજો અને સભાઓએ કરવું પડશે; અને જૂદાં જૂદાં સ્થળોનાં કાર્યક્ષેત્રની માહિતી રાખવી પડશે. લોકોમાં જેમ શિક્ષણની આકાંક્ષા વધશે તેમ તેમ તેમને સાહિત્ય પુરૂં પાડવું પડશે. એકંદર રીતે વ્યવસ્થિત કામ કરવાની ટેવ આપણે પાડવાની છે. જુમેદારી લેતાં શીખવાનું છે. જ્યાં પહેલાં બે કાર્યવાહકોથી કામ થતું ત્યાં હવે બાર જોઈશે. અત્યારે તો આપણે જોઇએ છીએ કે એક સભાને માટે, મંડળો માટે સ્ત્રી

અધ્યક્ષ કે સેક્રેટેરી માટે કેટલી આપદા પડે છે. સર્વેએ આગળ પડીને કામ કરવાની હોંસ અને ઉત્સાહ રાખવો જોઇએ અને કામ ઉપાડી લેતાં શીખવું જોઇએ. કદાચ આપણા પુરૂષોને લ્હડાઇમાં જવું પડે તો કુટુંબનું આરોગ્ય અને બીજી બધી દેખરેખ આપણેજ કરવી પડશે. હાલ તો મોટા લોકની અધિકારી વર્ગની સ્ત્રીઓ છેક પરાધીન થઈ ગએલી હોય છે. પોતાને કાંઇ આવડ હોતી નથી—દરકાર હોતી નથી અને મોટાઇના અહંકારમાં તણાઈ જાયછે તેથી નથી કોઇના ઉપયોગમાં આવતી કે નથી તેમનું માન પડતું.

માટે હવે આપણે એ જરૂરનું છે કે જેમ બને તેમ સ્ત્રી ઉન્નતિના પ્રશ્ન, એટલે સામાજીક ઉન્નતિના સઘળા પ્રશ્નો આપણે હસ્તક લઇને તેનો નિકાલ આપણે પોતેજ કરતાં શીખવાનું છે. હમણાં થોડાજ દિવસ ઉપર ગિરમીટીઆ મજૂરીની પ્રથા દૂર કરવા માટે સ્ત્રીઓનું એક ડેપ્યુટેશન વાઇસરોય પાસે ગયું હતું. તેમની માગણીના જવાબમાં તે નામદારે કહ્યું હતું કે હિન્દુસ્થાનમાં બ્રિટીશ અમલના ઇતિહાસમાં સ્ત્રીઓ જાતે આ પ્રથમજ વાઈસરોયને વિનંતી કરવા આવી હતી. જો આ પ્રમાણે સ્ત્રીઓ સલાહ આપીને સરકારને મદદ કરે તો સરકારનું કામ ઘણું સરલ થાય, ખાસ કરીને સ્ત્રી કેળવણીના પ્રશ્નમાં, કારણકે કેળવણીના અભાવને લીધે સ્ત્રી પુરૂષની વચ્ચે બેશુમાર અંતર રહે છે. સ્ત્રીઓ જો કેળવણીમાં આટલી બધી પાછળ પડી જાય તો દેશની ઉન્નતિ થઈ શકેજ નહિં. જોકે સાંસારિક રીતરીવાજો ઘણા પ્રતિબંધક છે પરંતુ તે છતાં સુશિક્ષિત સ્ત્રીઓએ એકઠાં મળીને સરકારને સલાહ અને મદદ આપવી જોઇએ. ઉપરાંત બીજી બાબતો છે, દાખલા તરીકે આરોગ્ય, સ્વચ્છતા, ક્ષય કે જે ખાસ કરીને સ્ત્રીઓને વધારે લગતા પ્રશ્નો છે. જો પ્રતિષ્ટિત અને શિક્ષિત સ્ત્રીઓ પોતાની અશિક્ષિત બહેનોને સુધારવા માટે મંડી રહે તો તેથી ઘણોજ લાભ થાય. સ્ત્રીઓએ જે કાંઈ કરવા માંડયુંછે તે ભવિષ્ય માટે શુભ ચિન્હ છે.

સ્ત્રીઓના કર્ત્તવ્ય પ્રદેશની આમાં રૂપરેખા આપી છે, તે ધોરણ પર આપણે કામ આરંભીશું. પધ્ધતિસર, વ્યવસ્થા પૂર્વક અને સંપથી ઉત્સાહ પૂર્વક કામ કરીશું તો આપણી ફત્તેહ છે. તેજ તરફ આ આપણી સમાજનું પ્રયાણ છે. એને જેમ બને તેમ આપણે મદદ કરવી એ આપણી ફરજ છે. "જ્યારે હિંદની પુત્રીઓ તેમના પુત્રોને પ્રોત્સાહિત કરતી થશે ત્યારેજ હિંદમાં મહાત્મા, વીર પુત્રો, તત્વ જ્ઞાનીઓ અને શુરાઓની પ્રજા બનશે."

તથાસ્તુ.

ભગિની સમાજ વાર્ષિક સંમેલનનાં પ્રમુખ મિસિસ જાઈજી જહાંગિર પીટીટનું ભાષણ.

તારીખ ૭ મી એપ્રિલ, ૧૯૧૭.

મહેરબાન બ્હેનો તથા ભાઇઓ,

આજના મેળાવડામાં પ્રમુખસ્થાન માટે મને પસંદ કીધી છે તે માટે ભગિની સમાજનાં કારોબારીઓ તેમજ તમો બ્હેનો અને ભાઇઓનો હું ઘણો આભાર માનું છું, ભગિની સમાજ જેવા ઉપયોગી કામ કરનાર એક સમાજમાં આ માન મેળવવાને મને ઘણી ખુશાલી હાંસલ થાય છે. હું એટલીજ વિનંતિ કરીશ કે મારા તરફથી આપ લાંબા ભાષણની આશા રાખશો નહિં, અને જે કંઈ હું બોલું તેમાં ભુલ ચુક માફ કરશો.

આવાં પરગજુ કામ કરનાર અને સમાજ સેવા કરનાર બ્હેનો અને બંધુઓ સમક્ષ મારાથી શું બોલી શકાય ? પોતાના લાભને ખાતર અથવા તો માન અને વખાણ મેળવવા ખાતર દુનિયામાં માણસો ઘણીબી ઉથલાં પાથલ કરે છે અને તેમાં કાંઇ મોટી વાત ગણવી જોઇએ નહિં. પણ જો બીજાંઓના ભલાને ખાતર તે થોડી ઘણીબી મહેનત લે એ ખરેખરી મહાભારત વાત છે. એવી રીતે બીજાંઓનું ભલું કરવાને ખાતર માણસ પોતાના લાભને જેટલા પ્રમાણમાં ભૂલી જઈ શકે તેટલા પ્રમાણમાં તેણે **પરમેશ્વરની** ખરેખરી સેવા કરેલી ગણાય. પરગજુ કાર્ય ચુપચુપ કરવા અને તેવાંજ કાર્યો ફકત જગત્‌ને બતલાવવા અર્થે કરવાં તથા જાહેર માન અને વખાણ મેળવવાની હોંસ રાખીને કરવાં, એ બેમાં ઘણો ફરક છે. જે માનવીને સેવા બજાવવાને તેના આત્માનો હુકમ થાય તે માનવી બહારના દેખાવ, યા માન, યા વખાણની ઇચ્છા વગર પોતાને જેમ ખરૂં સુઝે તેમ કાર્ય કર્યે જશે.

જ્યારે માનવીને કુલ માણસજાતની તેમજ કુલ પેદાયશની ઐક્યતાની થોડી પણ સમજ પડે ત્યારેજ આ લાગણી તેનામાં ઉત્પન્ન થાય છે અને

તે સમજે છે કેઃ— હું અને તું એ બે કાંઇ જાદા નથી પણ બન્ને એકજ અંગનાં ભાગ છે; અને તે બન્ને ભાગોની હાલત સારી હોય તોજ આખું અંગ આરોગ્ય ભોગવી શકે.

એજ પ્રમાણે એક દેશની ઉન્નતિ માટે તે દેશના પુરૂષોમાં તેમજ સ્ત્રીઓમાં પણ જાગૃતિ થવી જોઇએ, અને ત્યારેજ તે દેશ ઉચ્ચ અવસ્થામાં આવી શકે. ભગિની સમાજનાં સ્થાપકોએ આ જ્ઞાન પુરૂં ગ્રહણ કરેલું માલુમ પડે છે. ગઈ સાલમાં તે સમાજે કરેલા કાર્યનો અહેવાલ રજુ કરનારા પુસ્તકમાંને એકજ ફકરો વાંચવાથી આ ઉચ્ચ હેતુની સમજ મળે છે. એ ફકરો નીચે પ્રમાણે છેઃ—

"દેશમાં સર્વત્ર જાગૃતિ લાવી ચૈતન્ય રેડી, શિક્ષણ ફેલાવી, **સ્વરાજ્ય** માટે તૈયાર થવાની ભાવના પ્રબળ થતી જાય છે. આ ભાવના સફળ કરવામાં સ્ત્રીઓએ પોતાનો હિસ્સો આપવોજ પડશે; અને પુરુષોએ તેમને તે માટેની દરેક અનુકુળતા કરી આપવી પડશે.

સ્ત્રીનું હિત તેજ પુરૂષનું પણ હિત છે, અર્થાત તેમનાં હિત જાૂદાં નથી. તેઓ બંને સાથેજ અધોગતિ પામે છે અથવા દેવ સમાન થઇ શકે છે, સ્વતંત્ર થાય છે અથવા ગુલામગીરીમાં બન્ધાય છે.

જ્યારે (૧) **જાગૃતિ**, (૨) **શિક્ષણ**, અને (૩) **સ્વાર્થત્યાગ**, એકસરખાં—સ્ત્રીઓ તેમજ પુરૂષોમાં આવશે ત્યારેજ દેશનું આખું અંગ એ ઉચ્ચ ભાવના સફળ કરવા ભાગ્યશાળી થશે."

આ ભાવના પાર પાડવામાં આ સમાજે ફકત એક વર્ષમાં જેટલો પ્રયાસ કર્યો છે અને જે ઉપયોગી કાર્યની શરૂઆત કરી છે તે માટે તેના સભાસદોને ધન્યવાદ ઘટે છે. એક વર્ષની ટુંક મુદત્તમાં તેઓએ જાૂદી જાૂદી પત્રિકાની ૪૦૦૦૦ નકલનો ફેલાવો કર્યો, ૫૦ વ્યાખ્યાનો અપાવ્યાં, અને ૫૦ ઉપર ગામોમાં સ્ત્રીવાચન ગૃહ શરૂ કર્યાં; તે ઉપરાંત ગરીબ અને નિરૂદ્યમી સ્ત્રીઓને કામે લગાડવાનુ કાર્ય પણ સારૂં કર્યું. આ સર્વ કામ કાંઈ પણ બહારના દેખાવ યા ગડબડ વગર શાંત રીતે અને કાંઈ પણ માનપાનની આશા વગર તમારા સભાસદોએ કર્યું છે, અને તેમાટે તેઓને ખરેજ

સાબાશી ઘટે છે. જ્યાં સુધી ખરી સેવા કરવાની ઇચ્છા અને દેશના ભલાનો તથા બ્હેન–બંધુઓના પ્રાયશ્ચિત્તનોજ વિચાર રાખી આ સમાજ પોતાનું કામ કરશે ત્યાં સુધી તેને શુભ ફળ મળશે તેમાં કાંઈ પણ શંકા નથી. આ સર્વે કામ આરંભવાં કાંઇ સ્હેલ નથી, અને તે માટે જેમ જાતિ સેવા આપનાર બ્હેન–બંધુઓની જરૂર છે તેમ તેઓના પ્રયાસને ફત્તેહમંદ ઉતારવા માટે નાણાંની પણ જરૂર છે. જે બ્હેનો તથા ભાઇઓ પોતે જાતિ સેવા આપી આ કામમાં ભાગ લઈ શક્તાં ન હોય તેઓએ **માતૃભુમીની** ઉન્નતિના આ કામમાં યથાશકિત મદદ કરી પોતાની દેશભક્તિની આરજુ તૃપ્ત કરવી.

ભગિનીસમાજ જેવાં સેવા કરનારાં મંડળો દેશમાં જગે જગે ઉભા થાય, અને તે એક બે નહિં, દસ વીસ નહિં, પણ સેંકડોની સંખ્યામ-ઉભાં થાય, એવું જોવાને દરેક દેશહિતકારી સ્ત્રી પુરૂષ રાજી થશે.

આપની રજા લેતા પહેલાં ફરીને આ મંડળનો તથા તેનાં વ્યવસ્થા-પકોનો અંતઃકરણ પૂર્વક આભાર માનું છું.

ભગિની સમાજના
સભાસદ થવામાટેનું ફૉર્મ.

——:૦:——

ભગિની સમાજનાં ઑ. સેક્રેટરીઓ જોગ,

ઠે. હિન્દસેવક સમાજ, ગિરગામ, મુંબઇ.

ભગિની સમાજના હેતુ તથા કાર્યની માહિતી મને મળી છે. સ્ત્રી જાતિના ઉત્કર્ષ માટે ભગિની સમાજ તરફથી જે જે કાર્ય હાથ ધરવામાં આવશે તેમાં હું મારી શક્તિ અને સ્થિતિ પ્રમાણે તન-મન-ધનથી સંગીન મદદ કરીશ, તેમજ મારાં મિત્રમંડળને તેમ કરવા સમજાવીશ. કારોબારી મંડળની સંમતિથી મારૂં નામ ભગિની સમાજનાં (૧) કાર્યવાહક (૨) સલ્લાહકાર અગર (૩) સહાયક સભાસદ કે શુભેચ્છક તરિકે દાખલ કરશોજી.

ભગિની સમાજ તરફથી પ્રસિદ્ધ થતાં પુસ્તકો, પત્રિકામાળા, સુચન પત્રો (જે સભાસદોને વિના મુલ્યે મોકલવામાં આવેછે તે) મને નીચલે ઠેકાણે મોકલાવશોજી.

ભગિનીસમાજનાં કાર્યના નિભાવ માટે લવાજમ તરિકે હું દરેક વર્ષે રૂ......અંકે રૂપિયા ________ આપવા કબુલું છું.

(સભાસદનું પુરૂં નામ.) સહી ________________

____

પુરૂં ઠેકાણું ________________

____

તારીખ ________________

સભાસદોને સુચના.

જેઓ આર્થિક મદદ આપવા ઉપરાંત સમાજના કાર્યમાં નિયમીત ભાગ લેશે તેઓ (૧) કાર્યવાહક સભાસદ ગણાશે. જેઓ આર્થિક કે એવી સંગીન મદદ આપશે તેઓ (૨) સલ્લાહકાર અગર (૩) સહાયક સભાસદ કે શુભેચ્છક ગણાશે.

દરેક સભાસદના વર્ગનો નિર્ણય કારોબારી મંડળ કરશે.

ભગિની સમાજનું કારોબારી મંડળ હરકોઇ સભાસદને, તેની યોગ્યતા તથા ઉપયોગ લક્ષમાં લઈ, હરકોઈ વર્ગમાં **ઑનરરી** સભાસદ તરિકે લઈ શકશે.

ભગિની સમાજનાં

સ્ત્રી સભાસદોનું વાર્ષિક લવાજમ

દરેક સ્ત્રી સભાસદ પોતાની શક્તિ અને સ્થિતિ પ્રમાણે જે લવાજમ ભરશે તે સ્વીકારવામાં આવશે.

સદગૃહસ્થ સભાસદોનું લવાજમ

વર્ગ પ્રમાણે નીચે મુજબ રાખવામાં આવ્યું છે.

A સલ્લાહકાર સભાસદનું વાર્ષિક લવાજમ				રૂ.	૩૦૦
B	”	”	”	”	૨૦૦
A સહાય્યક		”	”	”	૧૦૦
B	”	”	”	”	૫૦
શુભેચ્છકનું		”	”	”	૨૫

[આખા વર્ષનું લવાજમ પ્રથમથી લેવાશે.]

આ ફૉર્મ સાથે ચાલુ વર્ષના લવાજમના રૂપિયા...... **મનીઑર્ડરથી** અગર માણસ સાથે મોકલાવી પહોંચ મંગાવી લેવા મહેરબાની કરશોજી.

ભગિનીસમાજનાં સભાસદો માટે વિના મુલ્યે

પત્રિકામાળા તથા પુસ્તકમાળા.

પત્રિકાનું નામ	લેખક,
શ્રી. ગોખલેનો જીવન સંદેશ. (નવી આવૃત્તિ છપાશે)	શ્રી મો. ક. ગાંધી.
પ્રો. કર્વેનું ચરિત્ર	સૌ. વિદ્યાગૌરી બી. એ.
સ્ત્રીશિક્ષણ (નવી આવૃત્તિ છપાશે)	સૌ. શારદા મહેતા બી. એ.
શરીર અને ગૃહશંગાર તથા બ્હેનોને બે બોલ.	" " " "
સ્ત્રીઓની પદવી.	રા. ડાહ્યાભાઈ લક્ષ્મણ પટેલ.
બાળરક્ષણ (બાળઉછેર)	મિસિસ જી. કે. ઉપાધ્યાય.
સેવાભગિની નિવેદિતાનું ચરિત્ર.	રા. સાકરલાલ દવે, બી. એ.
સ્ત્રીઓ, જાહેર જીવન અને રાજ્ય વ્યવસ્થા.	રા. કે. છો. દેશાઇ, બી. એ. એલ એલ. બી.
સ્ત્રીઓના સમય અને સાધનનો સદુપયોગ.	રા. પ્રા. કી. દેસાઈ, બી. એ.
ફીજીમાં હિંદી બ્હેનોની દુર્દશા.	મી. એંડ્રુસ.

ભગિનીસમાજ વાર્ષિક સંમેલન. (ભાષણો.)

ભગિની સમાજ પુસ્તકમાળા નં. ૧.

સ્ત્રીઓ અને સમાજસેવા — મી. બી. આર. દીવેટીયા, બી. એ.

(મહાત્મા ગાંધીજીની પ્રસ્તાવના સાથે)

મિત્રમંડળમાં, સંસ્થાઓમાં, શાળાઓમાં અગર પુસ્તકાલયોમાં વ્હેંચાવવા માટે પત્રિકાની અગર પુસ્તકની ૫૦ અગર તેથી વધારે નકલ એકી વખતે સામટી ખરીદનારને નીચે જણાવેલી કિંમતે મળશે.

પત્રિકાની નકલ.	રૂ. આ.	પુસ્તકની નકલ.	રૂ. આ.	
૫૦ ના	૨—૮ ...	૫૦ ના	૧૫—૦	પોસ્ટેજ
૧૦૦ ના	૪—૦ ...	૧૦૦ ના	૨૪—૦	અને
૨૦૦ ના	૭—૦ ...	૨૦૦ ના	૪૨—૦	પેકીંગ
૫૦૦ ના	૧૭—૦ ...	૫૦૦ ના	૧૦૨—૦	જુદુ.

નવીન

ભગિની સમાજ પુસ્તકમાળા

નં. ૨ સ્ત્રીઓની નવા યુગની વાત

લેખક—અમૃતલાલ સુન્દરજી પઢીયાર.

નં. ૩ બાલ શિક્ષણ (બાળઉછેર ભાગ ૨)

લેખક—મિસિસ જી. કે. ઉપાધ્યાય.

—:o:—

	પત્રિકામાળા.	લેખક.
નં. ૨૧.	ખગોળ વિજ્ઞાન.	કલ્યાણરાય જોશી, બી. એ.
નં. ૨૨.	નવીન પાકશાસ્ત્ર.	અમૃતલાલ સું. પઢીયાર.

છૂટક પુસ્તકો તેમજ પત્રિકામાળા નીચલે ઠેકાણેથી મળશે.

મળવાનાં ઠેકાણાં—

(૧) મુંબઈ વૈભવ છાપખાનું સૅંડહર્સ્ટ રોડ, ગિરગામ–મુંબઈ.

(૨) સ્વદેશી કોઓપરેટીવ સ્ટોર્સ, ટાઇમ્સ બીલ્ડીંગ, કોટ, મુંબઈ.

(૩) બ્લૅવૅટ્સ્કી લૉજ, થીઓસોફીકલ સોસાઇટી, કોટ, મુંબઈ.

સામટાં (૫૦ થી વધારે) પુસ્તકો અગર પત્રિકામાળા માટે ભગિની સમાજના સેક્રેટરીને લખી જણાવવું. ઠે૦ ગિરગામ, મુંબઈ.

Printed by C. S. Deole at the Bombay Vaibhav Press, Servants of India Society's Building Sandhurst Road, Girgaum, Bombay.
Published by K. J. Chitalia, Secretary Bhagini Samaj, Sandhurst Road, Girgaum, Bombay.